# "ડ્રાઈવીંગ હેવન" કહેવાતા ગાંધીનગરના તમામ માર્ગો હવે ટ્રાફિક સિગ્નલની ગિરફતમાં..!!!

**એક સમયે ખાલીખમ માર્ગોથી આજે દરેક ચાર રસ્તે ટ્રાફિક સિગ્નલ લાગી જવા સુધીની શહેરની ઐતિહાસિક સફર : નહિવત ટ્રાફિક ધરાવતા ચાર રસ્તે સિગ્નલ્સ અડચણરૂપ લાગી રહ્યાં છે**

ગાંધીનગર, તા. ૧૦

"ગાંધીનગર મને એટલા માટે ગમે છે કે અહીંના રસ્તા પર કોઈ ટ્રાફિક જામ નથી હોતો, રસ્તો અવરોધવા કોઈ ટ્રાફિક સિગ્નલની રેડલાઈટ ચાર રસ્તે નથી અને ખુલ્લા રાજમાર્ગો પર કોઈપણ જાતની અડચણ વગર હું મારૂ વાહન ડ્રાઈવ કરી શકું છું." આ પ્રકારના વિધાનો ગાંધીનગર અંગે હજુ બે વર્ષ પહેલા પણ અનેક સેલેબ્રિટી તથા શહેરના અગ્રણી નાગરિકો દ્વારા ક્યારેક શહેર અંગે પુછવામાં આવતા પ્રતિભાવમાં જણાવતા હતા. જોકે આજે શહેરમાં પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે શહેરમાં લગભગ એકપણ ચાર રસ્તા બાકી નથી રહ્યાં જ્યાં ટ્રાફિક સિગ્નલ ના લગાડાયાં હોય. એટલું તો ઠીક ચ-માર્ગ પર તો બે મુખ્ય સર્કલ વચ્ચે માંડ અડધાથી પણ ઓછા કિમીના અંતરે આવતા બે સેક્ટર વચ્ચેના ક્રોસ રોડ પર પણ ટ્રાફિક સિગ્નલ્સ લગાડાયા છે.



શહેરમાં એક સમયે 'ખ' માર્ગ છેવાડાનો માર્ગ ગણાતો હતો અને તેના પર વાહનોની અવરજવર નહિવત હતી અને ટ્રાફિક બાબતે ગ-રોડની પણ સ્થિતિ કેટલેક અંશે આ પ્રકારની હતી. શહેરકમાં ટ્રાફિક એટલે માત્ર ચ-રોડ અને ઘ-રોડ પરની જણસ કહેવાતી હતી તે પાટનગર માટે અત્યારે ઐતિહાસિક સમય કહી શકાય તેવી સ્થિતિ છે. કેમ કે શહેરના તમામ માર્ગોપરના ચાર રસ્તાઓ પર ટ્રાફિક સિગ્નલ્સ લગાડવા પડ્યાં છે એટલો આ કર્મચારીનગરનો વિકાસ થયો છે. સરકારી કોલોનીમાંથી મહાનગર બનતા પાટનગરને ભલે પચાસ વર્ષ લાગ્યાં હોય પણ હવે આ શહેરમાં જાણે વસ્તી વિસ્ફોટ થયો હોય તે ઝડપે અહીં વસ્તી વધી રહી છે અને તેની સાથે વાહનોની સંખ્યા પણ કૂદકેને ભૂસકે વધી રહી છે.

આ સપ્તાહથી શહેરના ચ-રોડ અને ઘ-રોડ ઉપરાંત ગ-રોડ અને ખ-રોડ પર પણ ટ્રાફિક સિગ્નલ્સ શરૂ કરી દેવાયાં છે. હજુ આ માર્ગો પર વાહનચાલકોને આદત ના હોવાથી સર્કલે પહોંચ્યા પછી "રેડ લાઈટ" પર નજર પડતાં જ અચાનક બ્રેક મારવી પડે જેના કારણે નાના અકસ્માત કે નાની-મોટી બોલાચાલી જેવા દૃશ્યો સર્જાઈ રહ્યાં છે. જેના કારણે વાહનચાલકો દ્વારા નવા ટ્રાફિક સિગ્નલ્સ પ્રત્યે અણગમો પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે અને જે રોડ પર બેરોકટોક વાહન હાંકતા હતા તેના પરથી પસાર થતાં હવે ત્રણ કે ચાર વાર ટ્રાફિક સિગ્નલની 'રેડલાઈટ'ના લીધે થોભવુ પડી રહ્યું છે તે પાટનગરવાસીઓને તો હાલ કઠી રહ્યું છે. વળી, કેટલાક ચાર રસ્તે તો વગર ટ્રાફિકે સિગ્નલ ચાલુ હોય છે.

## ગ્રીન સિગ્નલનો ટાઈમ અને બે સિગ્નલ વચ્ચેનું અંતર વધુ રાખવા માંગ

ખ-માર્ગ કે ગ-માર્ગ પરના કેટલાક ટ્રાફિક સિગ્નલમાં ગ્રીન લાઈટનો સમયગાળો માંડ ૧૦ થી ૧૨ સેકન્ડસનો રખાયો છે. જેમાં રેડલાઈટમાં માત્ર ચોથા કે પાંચમા નંબરે જ ઉભેલા વાહનચાલક પણ પસાર થઈ શકતા નથી ને ફરી રેડલાઈટ શરૂ થઈ જાય છે તેથી ગ્રીનલાઈટની સમય મર્યાદાને ૧૮ થી ૨૦ સેકન્ડની લઘુત્તમ કરવી જોઈએ તેવી વાહનચાલકોમાં માંગ પ્રવર્તી રહી છે. આ ઉપરાંત ચ-૩ થી વિધાનસભા તરફ જતા કૃષિભવનના ક્રોસ રોડ પર જ ફરી ટ્રાફિક સિગ્નલ આવી જાય છે જે અંતર ખૂબ ઓછુ છે અને આટલા ઓછા અંતરમાં વારંવાર ટ્રાફિક સિગ્નલ આવે તો વાહનચાલકો માટે તે સમયના વેડફાટથી વિશેષ નથી જણાતુ.

# ગાંધીનગર ડેપોથી સવારે ગોધરા અને બોટાદ રૂટની બસ શરૂ કરવા માંગ

**આ રૂટના મુસાફરોને સવારના સમયે બસ મળતી નથી : ગાંધીનગર વડોદરા ઇન્ટરસીટીની જેમ ગોધરા રૂટની પણ બસ દોડાવવા માટે રજુઆત**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની જરૂરીયાતને ધ્યાને લઈ સમયાંતરે નવા રૂટોની બસો શરૂ કરવામાં આવે છે. જયારે ગાંધીનગરથી બોટાદ તેમજ ગોધરા રૂટની બસ સેવા પણ સવારના સમયે શરૂ કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ મુસાફરોમાં ઉઠવા પામી છે. આ રૂટના મુસાફરોને સવારના સમયે પણ બસસેવા મળી રહે તેવુ આયોજન કરવા પણ સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં રોજબરોજ અપડાઉકર્તાઓની વિશેષ અવરજવર રહે છે. શહેરી બસ સેવાના આધારે સંખ્યાબંધ મુસાફરો એસ ટી ની સલામત સવારીનો લાભ લે છે. એસ ટી ડેપો ૧૦૪ બસો દોડાવી રોજની અંદાજિત ૧૨૦૦ જેટલા રૂટોનુ સંચાલન કરે છે. જયારે આ બસોના સંચાલનના આધારે ડેપોને રોજની અંદાજિત રૂ ૫.૫૦ લાખની આવક પણ થાય છે. એસ ટી ડેપોમાં સમયાંતરે મુસાફરોની માંગ સાથે નવા રૂટોની બસો શરૂ કરવામાં આવે છે. જયારે નગરમાં વિવિધ સરકારી કચેરીઓ સ્થિત હોવાથી જુદા જુદા શહેરોમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. બીજીતરફ સૌરાષ્ટ્ર રૂટના મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈને પણ સોમનાથ ,દિવ અને કચ્છ ભુજ સહીતના વિસ્તારની એસ સ્લીપીંગ તેમજ વોલ્વો બસો પણ શરૂ કરવામાં આવી છે. પરંતુ હજુ પણ સવારના સમયે ગોધરા જવા માટે બસ મળતી ન હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જયારે ગાંધીનગર વડોદરા ઈન્ટરસીટી શરૂ કરવામાં આવી છે તેવી રીતે ગોધરા માટે બસ શરૂ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. સવારે ૬ થી૮ વાગ્યાના સમયગાળામાં બસ શરૂ કરવામાં આવે તેમ પણ મુસાફરો માંગ કરી રહ્યા છે. જયારે ગાંધીનગર બોટાદ રૂટ વચ્ચે પણ નવી બસો શરૂ થવી જોઈએ તેવી પણ માંગણી કરવામાં આવી રહી છે.

# મોડાસા દુષ્કર્મ કેસ બાબતે ગાંધીનગરમાં કેન્ડલ માર્ચ




દીકરીઓ સામેના ગુન્હાઓને અટકાવવા પગલાં લેવાશે એવા દાવાઓ શાસકો હંમેશા કરે છે. હવેથી કોઈ દીકરી સાથે દુષ્કર્મ નહીં થાય એવું વારંવાર કહેવામાં આવે છે. કોઈ ઘટના બને પછી નિવેદન સૂરા રાજકીય નેતાઓ અને અધિકારીઓ ઘટનાને સખત શબ્દોમાં વખોડી નાંખે છે. જો કે આવી ઘટનાઓ રોકવા માત્ર નિવેદનો કરવા આવશ્યક નથી. ઘટનાઓ બનતી અટકાવવા પગલાં લેવા જોઈએ. આપણે કડક પગલાં લેવામાં ઉણાં ઉતરીએ છીએ એટલે જ કદાચ વારંવાર દુષ્કર્મ, અપહરણ અને હત્યાના બનાવો બને છે. મોડાસા નજીકના સાયરા (અમરાપુર) ગામની યુવતી સાથે દુષ્કર્મ અને હત્યાની ઘટના દિલ્હીના નિર્ભયા કેસની યાદ અપાવે છે. ગાંધીનગરમાં ઘ-૫ સર્કલ ખાતે આ ઘટના વિરુધ્ધ કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કલોલ કોલજનો એન. એસ. એસ. શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૯

કલોલની આર્ટ્સ સાયન્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાનો સાત દિવસીય વાર્ષિક શિબિર ચડાસણા ગામે યોજાઈ ગયો. જેમાં સ્વચ્છ ભારત અભિયાન, મોતિયા નિદાન, વ્યસનમુકિત, બેટી બચાવો, અંધશ્રદ્ધા નાબુદી, ભવાઈ શો, નાટય શો, લોક ડાયરો અને શેરી નાટક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા જન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું. કોલેજના આચાર્ય ડો.કે.સી. દેશમુખ અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો.એચ.કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ પરેશભાઈ પટેલ દ્વારા સફળ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.


ટચૂકડી જાહેર ખબર

**ભાડે-વેચાણ જોઈએ છે**

કંપની તથા પ્રે-સ્કુલ માટે શોપ, શૉ-રૂમ, બંગલો ગાંધીનગરમાં, દરેક એરિયામાં

**જયઅંબે એસ્ટેટ**
૯૯૯૮૧૦૯૭૩૦
૮૩૨૦૪૭૭૪૪૧



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

જળ અછતથી જળ સમૃદ્ધ ગુજરાત તરફની આગેકૂચ...

સતત ત્રીજા વર્ષે

**સર્વશ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન માટે ગુજરાતને રાષ્ટ્રીય પુરસ્કાર**

*નીતિ આયોગ



ગુજરાતને જળ સમૃદ્ધ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા મહત્વપૂર્ણ પગલાં



**જળ સ્થળાંતર**

વધારે પાણી ધરાવતા વિસ્તારોમાંથી ઓછા પાણી ધરાવતા વિસ્તારમાં પાણીનું સ્થળાંતર કરાયું

**સુજલામ સુફલામ યોજના**

ઉત્તર ગુજરાતના પાણીના પ્રશ્નનો કાયમી ઉત્તર

- કડાણા ડેમના વહી જતા વધારાના પાણીને ઉત્તર ગુજરાતમાં પહોંચાડવામાં આવ્યું
- ઉત્તર ગુજરાતમાં ખેતી ઉત્પાદન, દૂધ ઉત્પાદનમાં વધારો થયો, ભૂગર્ભ જળ ઊંચા આવ્યાં

**સૌની યોજના**

સૌરાષ્ટ્રની કાયાપલટ કરનારી યોજના

- સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમોમાં પહોંચી રહ્યાં છે નર્મદાના પાણી
- સૌરાષ્ટ્રમાં સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા હળવી બની
- કૃષી ઉત્પાદન વધી રહ્યું છે અને ખેડૂતો સમૃદ્ધ બની રહ્યાં છે

**કડાણા - દાહોદ લિફ્ટ સિંચાઈ યોજના**

ઊંચાઈ વાળા વિસ્તારોમાં પહોંચાડાઈ રહ્યું છે પાણી

- કડાણા ડેમમાંથી દાહોદ જિલ્લાનાં ૫ ડેમ અને ૫૦ ગામોના તળાવોમાં પાણી પહોંચાડવામા આવ્યું

**કડાણા - દાહોદ યોજનાને મળ્યો બેસ્ટ ઈમ્પિલિમેન્ટેશન ઓફ વૉટર રિસોર્સિસ પ્રોજેક્ટનો ઍવૉર્ડ**

- કાકરાપાર ગોડધા વડ સિંચાઈ યોજનાથી ૮૦૦૦ હેક્ટર વિસ્તારને મળી રહ્યો છે સિંચાઈનો લાભ
- ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારો માટેની લિફ્ટ ઈરીગેશન યોજનાઓ અંતર્ગત રૂ.૩૪૦૦ કરોડનો ખર્ચ કર્યા

**જળ સંગ્રહ**

સુજલામ સુફલામ જળસંચય અભિયાન

- જન ભાગીદારીથી તળાવો, સરોવરો, કેનાલો, ચેકડેમો તેમજ જળ સ્ત્રોતોને ઊંડા કરી જળ સંગ્રહ ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો

**ગુજરાત ૨૩,૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સગ્રહ કરી શક્યું**





**પાણીનું સુઆયોજન**

**રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વૉટર પોલિસી લોન્ચ કરાઈ**

ગુજરાતમાં દૂષિત પાણીને સ્વચ્છ બનાવી ફરીથી વાપરવાં યોગ્ય બનાવવાની શરૂઆત

- સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા સિવેજના પાણીને રીસાઈકલ કરી તે પાણીનો ઉપયોગ ઉદ્યોગોમાં, બાગાયત તેમજ સિંચાઈ અર્થે કરવામાં આવી રહ્યો છે

**ડિસેલિનેશન પ્લાન્ટ**

દરિયાનાં ખારા પાણીને મીઠા પાણીમાં રૂપાંતરિત કરવાનો ભગિરથ પ્રયાસ

- રાજ્યમા ૫ ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યાં છે. જે આવનારા સમયમાં પ્રતિદિન ૩૭ કરોડ લીટર ખારા પાણીને મીઠા પાણીમાં રૂપાંતરિત કરશે



**નિર્ણાયક નેતા, મજબૂત સરકાર**



ગુજરાતના દરેક ખેડૂતને સિંચાઈ માટે પાણી મળે અને દરેક ઘરને પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે ગુજરાત સરકાર વચનબદ્ધ છે

શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.